Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેન્ડ (send) કરો.
e-mail : kidscorner@gujaratmitra.in

લખ્યા બારું

એક હતો વાણિયો. વેપાર કરતો હતો પણ તેનામાં સમજણ ઓછી. વાણિયાની નાની સરખી હાટડી હતી. હાટડીમાં ખારા દાણા, દાળિયા, મમરા, રેવડી ને એવી નાની નાની ચીજો રાખે અને વેચે. બિચારો સાંજ પડ્યે માંડ માંડ પેટજોગું રળી ખાય પણ કોક કોક વખત એવાં એવાં કામ કરે કે એને ભલો-ભોળો કહેવો, મૂરખ કહેવો કે ગાંડો કહેવો તેની કોઈને સમજ ન પડે.

વાણિયો સાંજ પડ્યે માંડ માંડ પેટજોગું રળી ખાય પણ કોક કોક વખત એવાં એવાં કામ કરે કે એને ભલો-ભોળો કહેવો, મૂરખ કહેવો કે ગાંડો કહેવો તેની કોઈને સમજ ન પડે

એક વાર વાણિયાને હિસાબ કરતાં કરતાં બહુ મોડું થઈ ગયું. તે મોડી રાતે હાટડી બંધ કરી ઘેર જતો હતો ત્યારે તેને રસ્તામાં ચોર મળ્યા.

વાણિયો ચોરને કહે : ''અલ્યા, મોડી રાતે ઈ કોણ છે?''

ચોરો કહે : "કેમ ભાઈ? અમે તો વેપારી છીએ. આમ ટપારે છે શાનો?"

વાણિયો કહે : ''અલ્યા પણ અત્યારે મોડી રાતે ક્યાં ચાલ્યા?"

ચોરો કહે : ''જઈએ છીએ માલ ખરીદવા.''

વાણિયો કહે : ''રોકડે કે ઉધાર?''

ચોરો કહે : ''રોકડે ય નહિ ને ઉધારે ય નહિ. અમે તો કોઈને પૈસા દીધા વિના માલ લઈએ છીએ.''

વાણિયો કહે : ''ત્યારે તો તમારો વેપાર બહુ સારો! મને પણ તમારી સાથે લેશો?"

ચોરો કહે : ''ચાલને ભાઈ! તને ય તે શીખવા મળશે અને ફાયદો થશે.''

વાણિયો કહે : "એ ઠીક. પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો.''

ચોરો કહે : "લે લખ કાગળમાં કે કોઈના ઘરની પછીતે.''

વાણિયાએ તો ગજવામાંથી કાગળ કાઢી લખવાનું શરૂ કર્યું. કહે : "લખ્યું, કોઈના ઘરની પછીતે.''

ચોરો કહે : ''લખ, હળવે હળવે કાણું પાડવું.''

વાણિયો કહે : ''લખ્યું, હળવે હળવે કાણું પાડવું.''

ચોરો કહે : "ધીમે ધીમે ઘરમાં જવું.''

વાણિયો કહે : ''લખ્યું, ધીમે ધીમે ઘરમાં જવું.''

ચોરો કહે : ''લખ, જે જોઈએ તે ભેગું કરવું.''

વાણિયો કહે : ''લખ્યું, જે જોઈએ તે ભેગું કરવું.''

ચોરો કહે : ''ન ધણીને પૂછવું, ન ધણીને પૈસા આપવા.''

વાણિયો કહે : "લખ્યું, ન ધણીને પૂછવું, ન ધણીને પૈસા આપવા.''

ચોરો કહે : ''લખ, જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.''

વાણિયો કહે : ''લખ્યું, જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.''

વાણિયાએ તો ચોરોએ જેમ લખાવ્યું તેમ બધું બરાબર લખ્યું ને લખીને કાગળ ખિસ્સામાં નાખ્યો. પછી બધા સાથે મળીને ચોરી કરવા ચાલ્યા.

ચોરો એક ઘરમાં ચોરી કરવા ગયા તો વાણિયો તેની બાજુવાળાના ઘરમાં ચોરી કરવા ગયો. ચોરો તો ફટાફટ પોતાનું કામ પતાવી રવાના થઈ ગયા પણ વાણિયાને જરાય ઉતાવળ નહિ. તેણે તો શાંતિથી પોતાના ખિસ્સામાંથી કાગળ કાઢી દીવાસળીનું અજવાળું કરી બરાબર ધ્યાનથી વાંચ્યો. તેમાં લખ્યું હતું :-

કોઈના ઘરની પછીતે
હળવે હળવે કાણું પાડવું
ધીમે ધીમે ઘરમાં જવું
જે જોઈએ તે ભેગું કરવું
ન ધણીને પૂછવું ન ધણીને પૈસા આપવા
જે મળે તે લઈને ઘરભેગા થઈ જવું.

વાણિયાએ તો બરાબર કાગળમાં લખ્યા પ્રમાણે કર્યું. પહેલા પછીતે કાણું પાડ્યું, પછી હળવે હળવે ઘરમાં ગયો. પછી એક કોથળો શોધી તેમાં પિત્તળનાં નાનાંમોટાં વાસણો શાંતિથી ભરવા લાગ્યો પણ થયું એવું કે પિત્તળનું એક મોટું તપેલું કોથળામાં નાખતી વખતે તેના હાથમાંથી પડી ગયું તેના ધબાકાનો મોટો અવાજ થયો.

વજનદાર વાસણ પડવાનો અવાજ સાંભળી ઘરના બધા માણસો જાગી ગયા. રસોડામાં જઈને જુએ તો વાણિયો ચોરી કરતો હતો. બધાંએ 'ચોર, ચોર'ની બૂમરાણ મચાવી તેને પકડી લીધો ને પછી મારવા લાગ્યા.

વાણિયો તો વિચારમાં પડી ગયો પણ માર ખાતાં ખાતાં પોતાના ખિસ્સાનું કાગળિયું કાઢી જેમ તેમ કરી એક વાર વાંચી લીધું.

પછી તો તે જોશમાં આવી ગયો. બધા તેને મારે તેમ કૂદતો જાય ને જોર જોરથી બોલતો જાય :

એ ભાઈ, આ તો લખ્યા બારું
એ ભાઈ, આ તો લખ્યા બારું

ઘરના માણસો આ સાંભળી વિચારમાં પડી ગયા ને મારતા અટકી જઈ કહે : ''એલા આ શું બોલે છે?''

વાણિયો કહે : "ત્યારે હું કંઈ ખોટું કહું છું? લ્યો આ કાગળ અને વાંચો. એમાં ક્યાંય માર ખાવાનું લખ્યું છે? આ તો તમે લખ્યા બારું કરો છો.''

પછી તો ઘરના માણસોએ કાગળ વાંચ્યો ને સમજી ગયા કે આ ભાઈમાં તો મીઠું ઓછું છે અને કોકનો ચડાવ્યો ચડી ગયો છે એટલે વાણિયાનો હાથ પકડી ઘરની બહાર કાઢી મૂક્યો.

વારતા રે વારતા

આ છે દુનિયાનું સૌથી ખતરનાક પક્ષી, તેના હુમલાથી માણસ પણ મરી શકે

અજબ ગજબ

જ્યારે પક્ષીઓની વાત આવે છે, ત્યારે તેઓ એટલા શાંત અને સુંદર લાગે છે કે કોઈ તેમનાથી ડરતું નથી. એ અલગ વાત છે કે જ્યારે ગરુડ કે ગીધ જેવું પક્ષી પાછળ પડી જાય છે ત્યારે માનવી માટે પરિસ્થિતિ પડકારરૂપ બની જાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ડાયનાસોરના વંશજ છે. આવો જાણીએ તેના વિશે.

પૃથ્વી પર પક્ષીઓની ઘણી પ્રજાતિઓ છે, પરંતુ શું તમે જાણો છો કે વિશ્વનું સૌથી ખતરનાક પક્ષી ક્યું છે? એટલું ખતરનાક છે કે તે કોઈપણ વ્યક્તિને મિનિટોમાં ઊંઘી શકે છે. આ પક્ષીનું નામ કેસોવરી છે, જે મૂળ ઓસ્ટ્રેલિયા અને પશ્ચિમ આફ્રિકાના વરસાદી જંગલોમાં જોવા મળે છે. શાહમૃગ અને ઇમુ પછી તે વિશ્વનું ત્રીજું સૌથી લાંબુ પક્ષી છે. તમને જાણીને નવાઈ લાગશે કે કેસોવરી ડાયનાસોરના વંશજ છે. આનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો દંગ રહી ગયા છે.

કાસોવરી તેજસ્વી વાદળી માથું અને લાલ ક્રેસ્ટ અને કાળા પીંછાવાળા ડાયનાસોરના વંશજ છે. સૌથી મોટું કેસોવરી પક્ષી છ ફૂટ સુધી ઊંચું હોઈ શકે છે, જ્યારે વજન 70 કિલો સુધી હોઈ શકે છે. તેઓ મોટે ભાગે પાણીની આસપાસ રહેવાનું પસંદ કરે છે. કાસોવરી ખૂબ સારા તરવૈયા છે અને તેમનો ખોરાક માછલી છે. કેસોવરીઝ 31 માઈલ/કલાકની ઝડપે દોડતું જોવા મળે છે. તેમના શક્તિશાળી પગની મદદથી તેઓ હવામાં 7 ફૂટ ઊંચે સુધી કૂદી શકે છે. એટલું જ નહીં, પોતાના તીક્ષ્ણ ખંજર જેવા પંજા વડે તે એક જ હુમલામાં કોઈપણ માણસનું પેટ ફાડી નાખે છે. એવું કહેવાય છે કે કાસોરી તેના પંજા વડે દુશ્મનના પેટ પર સીધો હુમલો કરે છે. આ હુમલો એટલો જીવલેણ છે કે તે ચાર ઇંચ ઊંડા ઘા કરી શકે છે. આ હોવા છતાં, જૂના સમયમાં લોકો તેને માંસ અને પીંછા માટે રાખતા હતા.

હેપ્પી બર્થડે

નામ : જૈશ પટેલ
માતા : જૈમિની પટેલ

નામ : દિયા પટેલ
માતા : કલ્પના પટેલ

રસ્તો શોધો



બાળગીત

હરણાં

જંગલમાં રહે છે હરણાં,
ખળખળ વહે છે ઝરણાં.
હરણાં ઝરણાંનું પીવે પાણી,
લીલા ઘાસની કરે ઉજાણી.
વનરાજાથી હરણાં ડરતાં,
ઝુંડમાં રહી સામનો કરતાં.
માથે સુંદર લાગતાં શિંગડાં,
લાંબા પગે રસ્તા લાગે ટૂંકડા.
સોનલવર્ણા લાગે સોહામણાં,
સૌ સાથે હળીમળીને હરણાં.

- બિરેન પટેલ

તફાવત શોધો



શબ્દો પૂરો



ટપકાં જોડો



PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

SIGN GAME

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

1)	9		5		3		1	=	16
2)	7		5		4		1	=	02
3)	6		3		1		9	=	36

CHANGE THE WORD

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

S	U	N
G	O	T

CHHOTA SUDOKU

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.



BROKEN WORDS

આપેલ ચાવીની મદદથી બેંકને સંબધિત તૂટેલા 7 શબ્દો શોધો.

ST	IL	HU	RE
RR	FOG	IC	AT
MID	ANE	HA	HOT
FO	HE	HU	CA

ચાવી	શબ્દો
3 અક્ષર	2
4 અક્ષર	2
5 અક્ષર	2
8 અક્ષર	1
9 અક્ષર	1

જવાબો
1. FOG
2. HOT
3 HAIL
4. HEAT
5 HUMID
6 FORE CAST
7 HURRICANE

જવાબો

1)	9	+	5	+	3	-	1	=	16
2)	7	+	5	÷	4	-	1	=	02
3)	6	-	3	+	1	×	9	=	36

S	U	N
G	U	N
G	U	T
G	O	T